## હરિની દૃષ્ટિ...




# ખેતી બેંકના વ્યાજદરમાં એક ટકાનો ઘટાડો

## ગાંધીનગર ખાતે યોજાયેલ ૬૩મી વાર્ષિક સામાન્ય સભામાં નિર્ણય જાહેર કરાયો

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર ખાતે ટાઉનહોલમાં ખેતી બેંકની ૬૩મી વાર્ષિક સામાન્યસભા તાજેતરમાં યોજાઈ હતી. જેમાં રાજયના પહેલા ખેડૂત ખાતેદારોના વિશાળ હિતને ધ્યાનમાં રાખી બેંકના પ્રવર્તમાન વ્યાજના દરમાં એક ટકાનો ઘટાડો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

સામાન્ય સભાના પ્રારંભમાં બેંકના ચેરમેનશ્રી ધીરેનભાઈ ચૌધરી સામાન્ય સભામાં ઉપસ્થિત રહેલ મહાનુભાવો તથા રાજયભરમાંથી આવેલ બેંકના જનરલ બોડીના સર્વે પ્રતિનિધિઓનું હૃદયપૂર્વક સ્વાગત કરી વર્ષ દરમિયાનની બેંકની કામગીરી તથા વહીવટી બાબતો અંગે જાણકારી આપવામાં આવી હતી. ખેતી બેંક પણ અન્ય બેંકોની




જેમ રાજયના ખેડૂતોને વ્યાજના દરે ટૂંકાગાળાનું ધિરાણ કરી શકે તે માટે રાજય સરકારમાં કરેલ રજુઆતને સરકારશ્રીને માન્ય રાખી ટૂંકાગાળાનું ઓછા વ્યાજનું ધિરાણ બેંક કરી શકે તે માટે મંજુરી મળેલ છે. જે બદલ બેંક વતી ચેરમેનશ્રીઓ ગુજરાત રાજયના મુખ્યમંત્રીનો તથા કૃષિ અને સહકાર વિભાગના મંત્રીશ્રીનો આભાર માન્યો હતો.

રાજયના ખેડૂત ખાતેદારોના વિશાળ હિતને ધ્યાનમાં રાખી બેંકના ધિરાણના પ્રવર્તમાન વ્યાજના દરમાં એક ટકાનો ઘટાજો કરવામાં આવ્યો છે. બેંકની જનરલ બોડીના પ્રતિનિધિઓ તથા શાખા સમિતિના સભ્યશ્રીઓ માટે રૂા. ૧ લાખની 'ગૃપ અકસ્માત વીમા પૉલિસી' મેળવવામાં આવે છે.

રાજય સરકારમાં ગ્રામ્ય વિસ્તારોમાં અને તાલુકા વિસ્તારોમાં રહેણાંકના મકાનો બનાવવા માટે આપવામાં આવતી લોનની રકમમાં વધારો કરી ગ્રામ્ય વિસ્તારોમાં રહેણાંકના મકાનો માટે રૂા. ૫ લાખ, તાલુકા લેવલે રહેણાંકના મકાનો માટે રૂા. ૧૦ લાખ તથા શહેરી વિસ્તારોમાં રહેણાંકનું નવું મકાન બનાવવા માટે રૂા. ૧૫ લાખ સુધીની લોન આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

## ખૂણે ખાંચરેથી...

● આજે ચોથો શનિવાર હોવાથી બેંકો અને સરકારી કચેરીઓ બંધ રહી હતી. જેથી શહેર સુમસામ લાગતું હતું.

● આજે રવિવારે અનંત ચર્તુદર્શી ઉજવાશે. ગણેશ વિસર્જનનો અંતિમ દિવસ સેક્ટર-૬ ભુવનેશ્વર મહાદેવ ખાતે ગણેશયાગ સાથે ગણેશ વિસર્જન થશે.

● પૂ. અરૂણોદય મહારાજ સાહેબ ૪ દિવસ માટે કોબા આંતરરાષ્ટ્રીય પરિસંવાદમાં ભાગ લેવા ગયા છે.

● આજે રાજકોટના પ્રખ્યાત ડૉક્ટર ફૂડનું ગાંધીનગરમાં પ્રારંભ થશે અને આગામી મહિને રાજકોટની પ્રસિદ્ધ ગુજરાતી થાળી રાધે થાળ પણ ગાંધીનગર આવી રહ્યો છે.

● શહેરની કલા સંસ્થા એ.ટી.એમ. દ્વારા હિન્દી કવિ સંમેલનનું આયોજન થઈ રહ્યું છે.

# ઈમ્પોર્ટ-એક્ષપોર્ટ કંપની ૫૩૦૦ નારીયેળનાં રૂપિયા ચાઉં કરી ગઈ

## અડાલજની મહિલા વેપારીએ નારીયેળ માટે પેમેન્ટ કરી દીધા બાદ મહિનાઓ વીતી ગયા પણ કંપનીએ માલ જ ન મોકલતા છેતરપીંડીની ફરિયાદ

ગાંધીનગર, તા. ૨૬

અડાલજમાં રહેતા મહિલા વેપારીએ એક ઈમ્પોર્ટ અક્ષપોર્ટ કંપનીને કેસ આપીને ૫૩૦૦ નારીયેળ મંગાવ્યા હતા. મહિનાઓ વિતી ગયા તેમ છતાં હજુ સુધી કંપનીએ નારીયેળનો સ્ટોક મોકલાવ્યો નથી અને રૂ. ૭૩ હજાર કંપનીએ ચાઉં કરી લીધા છે. આ મામલે મહિલાની ફરીયાદનો આધારે કંપની સંચાલક સામે વિશ્વાસઘાત અને છેતરપીંડીનો ગુનો નોંધી અડાલજ પોલીસે ઉંડી તપાસ શરુ કરી છે.

અડાલજની શ્રીનાથ સોસાયટી વિભાગ-૨ ખાતે રહેતી મહિલા વેપારી ઉષાબેન જાલમભાઈ ચૌધરીએ મદુરાઈ ખાતેની રાજન એક્ષપોર્ટ ઈમ્પોર્ટ કંપનીને ૫૩૦૦ નારીયેળનો ઓર્ડર આપ્યો હતો. ઓર્ડર પેટે એડવાન્સમાં કંપનીને રૂ. ૭૩,૨૦૦નું પેમેન્ટ પણ કરી દીધું હતું. પરંતુ મહિનાઓ વિતી ગયા બાદ પણ મહિલાને ના તો નારીયેળનો જથ્થો મળ્યો ના તો પેમેન્ટ પાછું મળ્યું! આખરે કંટાળીને નારીયેળના રૂપિયા ચાઉં કરી વિશ્વાસઘાત અને છેતરપીંડી આચરનાર રાજન એક્ષપોર્ટ ઈમ્પોર્ટ કંપની સામે અડાલજ પોલીસ મથકમાં ઉષાબેને ફરિયાદ આપતા પોલીસે કલમ ૪૦૬, ૪૨૦ મુજબ ગુનો દાખલ કરી પીએસઆઈ અનિલાબેન બ્રહ્મભટ્ટે તપાસ શરુ કરી છે.




## ચિલોડા ગિરીશ રાવલ સાયન્સ કૉલેજ ખાતે કાનૂની શિબિર યોજાઈ

જિલ્લાના ચિલોડા મોટા ખાતે ગિરીશ રાવલ સાયન્સ કૉલેજ તથા જિલ્લા કાનૂની સેવા સત્તામંડળના સંયુક્ત ઉપક્રમે કાનુની શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. શિબિરમાં પેરાલીગલ વૉલયન્ટર્સ તરીકે સુધીરભાઈ દેસાઈ, સીતારામભાઈ પટેલ, જયરામ સોની, જિગીષા ઉપાધ્યાય, રાજુભાઈ ગજ્જર, ભરતભાઈ પ્રજાપતિ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. કૉલેજના વિદ્યાર્થીઓને રેગીંગ તથા એન્ટી રેગીંગ વિશેની માહિતી આપી રેગીંગ અટકાવવા માટે કાયદાકીય પગલાં ભરવામાં આવે તેવી કાયદાકીય જોગવાઈ અંગે વિસ્તૃત સમજ પી.એલ.વી. જિગિષા ઉપાધ્યાયે આપી હતી. આ ઉપરાંત સુધીરભાઈ દેસાઈ તથા સીતારામ પટેલે જિલ્લા કાનુની સેવા સત્તામંડળ દ્વારા લોકમાં કાયદાકીય જાગૃતિ કેળવાય અને સર્વને સમાન ન્યાય મળે તે વિશે માહિતગાર કર્યા હતા. કૉલેજના પ્રિન્સીપાલ ડૉ. ડી. એન. વ્યાસ તથા સ્ટાફ સહિત કાર્યક્રમમાં ઉપસ્થિત રહી, પ્રોત્સાહન પુરું પાડ્યું હતું.

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

## રોહિતભાઈ જોષીનું નિબંધ સ્પર્ધામાં ઉત્કૃષ્ઠ પ્રદર્શન



ગાંધીનગરના તપોવન સંસ્કાર પીઠના શિક્ષક રોહિતભાઈ જોષીને સુરતની રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી મહાસભા દ્વારા યોજાયેલ નારી સશકિતકરણ નિબંધ સ્પર્ધામાં 'એ' ગ્રેડ પ્રાપ્ત થયો છે. આ નિબંધ સ્પર્ધામાં વિવિધ નારીઓના યોગદાન સંદર્ભે નિબંધ લખવાનો હતો. આ મહાસભાને પૂ. મોરારી બાપુનું માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું.

## સેકટર-૩/સી શક્તિ ચોકમાં સોમવારે આનંદનો ગરબો

ગાંધીનગર, તા. ૨૬

મા મેલડી આનંદ ગરબા મંડળ સેકટર-૩સીના આનંદ ગરબા મંડળ તરફથી સેક્ટર-૩સીના શક્તિ ચોક મંદિરમાં તા. ૨૮મી સપ્ટેમ્બરના રોજ સવારે સાડા અગિયાર વાગે આનંદનો ગરબો યોજાશે. મહિલા પ્રમુખ શ્રીમતી પ્રફુલ્લાબેન ભાવસારે જણાવેલ છે.

## સેક્ટર-૫/સી માં સોમવારે આનંદનો ગરબો યોજાશે

મા મેલડી આનંદ ગરબા મંડળ, સેકટર-૩સીના આનંદ ગરબા મંડળ તરફથી કલેહર ધામ મંદિર સેકટર-૫સી ખોડિયાર મંદિરના પાછળ તા. ૨૮મી સપ્ટેમ્બરના રોજ બપોરે ૩ વાગે આનંદનો ગરબો યોજાશે. મહિલા પ્રમુખ શ્રીમતી પ્રફુલ્લાબેન ભાવસારે જણાવેલ છે.

## સોમવારે ખગ્રાસ ચંદ્રગ્રહણનો અવકાશી નજારો

ગાંધીનગર, તા. ૨૬

વિશ્વના અમુક દેશો-પ્રદેશોમાં સોમવારે ખગ્રાસ ચંદ્રગ્રહણનો અદ્‌ભૂત અવકાશી નજારો બનવાનો છે. ભારતમાં ચંદ્રગ્રહણ આંશિક પણ બેનમૂન અલૌકિક નજારો નિહાળવા-માણવા, ફોટોગ્રાફી કરવાનો લ્હાવો લોકોને મળવાનો છે. સોમવારે સવારે ચંદ્ર મોટો અને નજીક હોવાથી તેજસ્વી સ્વરુપે જોવા મળશે. હવે પછી આજ પ્રકારની ઘટના વર્ષ ૨૦૩૩માં જોવા મળશે. ગ્રહણો માત્ર ને માત્ર ભૂમિતિની રમત, પરિભ્રમણના કારણે બને છે.

સંવત ૨૦૭૧ ભાદ્રપદ શુક્લ પુનમ સોમવારે તા. ૨૮-૯-૨૦૧૫ મીન રાશિ અને ઉ.મા. નક્ષત્રમાં થનારું ખગ્રાસ ચંદ્રગ્રહણ ભારતના કેટલાક પ્રદેશોમાં અદ્‌ભૂત અવકાશી નજારો જોવા મળશે. ખગ્રાસ ચંદ્રગ્રહણ પૂ. પેસિફિક, ઉ. અમેરિકા, યુરોપ, આફ્રિકા, મધ્ય એશિયામાં ખંડગ્રાસમાં પણ જોવા મળશે. આ ગ્રહણ ખગ્રાસ હોવા છતાં ભારતના પશ્ચિમ ભાગમાં ગુજરાત-રાજસ્થાન સહિત અમુક પ્રદેશોમાં ગ્રહણ ખંડગ્રાસ દેખાશે.

રાજસ્થાન સહિત પ્રદેશો ઉપરાંત ગુજરાતમાં રાજકોટ, મોરબી, જામનગર, જૂનાગઢ, દ્વારકા, ગોંડલ, ભુજ આસપાસ વિસ્તારોમાં અદભૂત નજારો જોવા મળશે તેમાં દ્વારકામાં ૬ મિનિટ, કોટેશ્વરમાં ૮ મિનિટ, જખૌ, નલિયા, લખપતમાં ૭ મિનિટ, મીઠાપુર, પોરબંદર ઓખામાં ૬ મિનિટ, નખત્રાણા-માંડવીમાં ૫ મિનિટ, ભુજ-માધાપર, મુંદ્રા, ખાડવામાં ૩ મિનિટ, કુતિયાણા, જામનગર, જામજોધપુર ૧ થી ૩ મિનિટ, રાજકોટમાં ૩ થી ૫ મિનિટ સૂર્યોદય થવાની સાથે આહલાદક જોવા મળશે. સૂર્યપ્રકાશ જેમ વધશે તેમ ગ્રહણનો નજારો જોવા મળશે નહિ.

# પત્નિ રિસામણી થતા વાવોલનાં યુવાનો ગળે ફાંસો ખાધો

## કુબેરનગરમાં પોતાના છાપરાની પાઈપે સાડી બાંધી પરિણીત યુવાનનો આપઘાત

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર નજીક આવેલા વાવોલ ગામના કુબેરનગર વિસ્તારમાં રહેતા ૪૧ વર્ષીય પરિણીત યુવાને ગઈ રાત્રી દરમિયાન પોતાના છાપરાની પાઈપ સાથે સાડી બાંધીને ગળે ફાંસો ખાઈ લેતા ચકચાર મચી જવા પામી છે. દોઢેક મહિનાથી પત્નિ રીસામણી થઈને પિયર ચાલી ગઈ હતી. જેને પગલે આ પગલું ભર્યું હોવાની આશંકા છે. સે-૭ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને તપાસ શરુ કરી છે.

વાવોલ ગામના કુબેરનગર વિસ્તારમાં સ્થિત હનુમાનજી મંદિર પાસે છાપરામાં રહેતા ૪૧ વર્ષીય મનુભાઈ ગંગારામ રાઠોડની પત્નિ છેલ્લા દોઢેક મહિનાથી રિસાઈને પિયર ચાલી ગઈ છે તેમને એક સંતાન પણ છે. ગઈ કાલે મોડી રાત્રે મનુભાઈએ પોતાના છાપરાની પાઈપ સાથે સાડી બાંધીને ગળે ફાંસો ખાઈ જીવન ટુંકાવી નાંખ્યું હતું. આપઘાત કરવા પાછળનું ચોકકસ કારણ હજુ સ્પષ્ટ થઈ શકયું નથી પરંતુ સે-૭ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી મૃતદેહ પી.એમ. કરાવીને શરુ કરેલી પ્રાથમિક તપાસમાં પત્નિ રીસામણી હોવાથી કંટાળીને આ પગલું ભર્યું હોવાનું ધ્યાને આવ્યું છે. સે-૭ પોલીસ મથકના એએસઆઈ રણછોડજીએ ગુનાની વધુ તપાસ આરંભી છે.

# સુઘડ પાસે રસ્તો ઓળંગતા વૃદ્ધનું બાઈકની અડફેટે મૃત્યુ

## સેકટર-૨૨માં રહેતા ૬૦ વર્ષીય વૃદ્ધ સુઘડ રહેતા તેમના સાળાનાં ઘરે ગયા હતા : બાઈક ચાલક પણ ફંગોળાઈને પટકાતા ઘાયલ થયો

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર શહેરનાં સે-૨૨ ખાતે રહેતા ૬૦ વર્ષીય વૃદ્ધ તેમના સુઘડ ખાતે રહેતા સાળાનાં ઘરે ગયા હતા. દરમિયાન ગઈ મોડી સાંજે સુઘડ પાસે તેઓ રસ્તો ઓળંગી રહ્યા હતા ત્યારે બેફામ ગતિએ નિકળેલા બાઈક ચાલકે તેમને અડફેટે લઈ લેતા કમકમાટીભર્યું મૃત્યુ નિપજયું હતું. તો બીજી તરફ બાઈકચાલક પણ ફંગોળાઈને રસ્તા પર પટકાતા ઘાયલ થયો હતો અને તે હોસ્પીટલાઈઝડ છે. અડાલજ પોલીસે બાઈકચાલક સામે ગુનો દાખલ કરીને તપાસ શરુ કરી છે.

શહેરના સેકટર-૨૨ ખાતે રહેતા ૬૦ વર્ષીય કનુભાઈ પ્રભુદાસ ગુર્જર સુઘડ ખાતે તેમના સાળા સુરેશભાઈ રામાભાઈ મિસ્ત્રીના ઘરે ગયા હતા. ગઈ સાંજે આઠેક વાગ્યાના અરસામાં કનુભાઈ ચાલતા ચલતા સુઘડ પાસેનો રસ્તો ક્રોસ કરી રહ્યા હતા ત્યારે આર.જે. ૧૪ ઝેડ.બી. ૪૨૯૩ નંબરનું બાઈક લઈને બેફામ ગતિએ નિકળેલા શખ્સે તેમને અડફેટે લઈ લેતા વૃદ્ધ કનુભાઈ ગંભીર રીતે ઘાયલ થયા હતા અને સ્થળ પર જ તેમનું કરૂણ મૃત્યુ નિપજયું હતું. જયારે બાઈકચાલક યુવાન પણ ઘાયલ થતા તેને હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યો છે. અડાલજ પોલીસે વૃદ્ધનો મૃતદેહ પી.એમ. કરાવીને મૃતકના સાળા સુરેશભાઈ મિસ્ત્રીની ફરિયાદ મુજબ બાઈક ચાલક સામે ગુનો દાખલ કરી ઝીણવટભરી તપાસ શરુ કરી છે.



ગાંધીનગરના એક અને અનન્ય આશિકે મહોમ્મદ રફી - હારિત દવે અને કૃપ્સ ગ્રુપ્સ ઓફ ઈન્ટરનેશનલ ચેરીટેબલ વર્કસના સહયોગથી શનિવારે રાત્રે ટાઉન હોલ ગાંધીનગર ખાતે સદાબહાર હિન્દી ફિલ્મી ગીતોનો 'સુર અને સરગમી શામ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, હારિત દવે પાર્શ્વ ગાયક મહોમ્મદ રફીના એટલા મોટા ચાહક છે કે પોતાના ઘરમાં જ રફી સાહેબનું મંદિર બનાવ્યું છે. (કશ્યપ નિમાવત)

# ઓ.બી.સી. અનામત અધિકાર આંદોલન સમિતિની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર શહેરના સેક્ટર-૧૭ખાતે આવેલ સ્ટાફ ટ્રેનીંગ કૉલેજ ખાતે ઓ.બી.સી. અનામત અધિકાર આંદોલન સમિતિ દ્વારા અનામત અંગેના વિવિધ વિષયો પર ચર્ચા - વિચારણા કરવામાં આવી હતી. જેમાં શહેરના વિવિધ જ્ઞાતિના અગ્રણી હાજર રહ્યા હતા.

ઓ.બી.સી. અનામત અધિકાર આંદોલન સમિતિ દ્વારા યોજાયેલ આ સભામાં ચર્ચાના વિષયોમાં અનામત મળવા પાછળનો ઈતિહાસ, અનામત મળ્યા પછી સમાજીક, શૈક્ષણિક, આર્થિક, રાજનૈતિક ક્ષેત્રે થતો અન્યાય, સરકારી ક્ષેત્રોનું ખાનગીકરણ, અનામત ખતમ કરવાનું ષડયંત્ર, બાલકૃષ્ણ રેણકે કમિશનના રખડતી, ભટકતી, વિચરતી, વિમુકત જાતિની અનામતનો રિપોર્ટ પાર્લામેન્ટમાં લાગુ કરવામાં આવે, આર્થિક રીતે પછાત વર્ગની અનામતની માંગ એક ષડયંત્ર, જુદી જુદી જાતિઓની ઓ.બી.સી.માં સમાવવાની માંગ અનામત ખતમ કરવાનું ષડયંત્ર, દેશના તમામ જાતિ વર્ગો, બ્રાહ્મણ, વૈશ્ય, પટેલ, ઓ.બી.સી., એસ.સી., એસ.ટી., લઘુમતિને જનસંખ્યા પ્રમાણે અનામત આપવા માંગ, સરકારે અનામત નાબુદ



કરવી હોય તો જાતિ વિહિન સમાજ વ્યવસ્થા અને સમાનતા ધારાનો કાયદો લાગુ કરવાની માંગ, સાથેના મુદ્દા પર ચર્ચા કરવામાં આવી હતી.

આ પ્રસંગે ઉપસ્થિત રણવીર દેસાઈએ પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે, તંત્ર ભાગલા પાડો અને રાજ કરોની નીતિ અપનાવી છે. ભારત તેમજ અમેરિકામાં પણ અનામત છે. અમેરિકા દેશમાં પણ નીગ્રોને ૫૦ ટકા અનામત છે. અહિંયા પણ કાળા - ગોરાનો ભેદભાવ છે. જ્યારે ભગવાને નહિ પરંતુ માનવોએ જાતિઓની રચના કરી છે. તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, પાટીદાર સમાજે બેંકોમાંથી પૈસા ઉપાડી આર્થિક અસહકારની નીતિ અપનાવી હતી. તેના બદલે જો પાટીદાર સમાજ ટાટા અને અંબાણી કંપનીના માલિકોને કહે તમારી કંપનીમાંથી શેર - ડિબેન્ચરના રૂપિયા ઉપાડી લઈશું. તો અનામત મળશે. ભારત દેશને આઝાદ થયે ૬૯ વર્ષ થયા છતાં પણ જાતિવાદ - વર્ણવ્યવસ્થાને કારણે દેશના નાગરિકો અત્યારે હાલ પણ ગુલામી જેવું જીવન જીવી રહ્યા છે. આ કાર્યક્રમમાં અશ્વિન પટેલ, મુકેશ પટેલ, રહીમભાઈ, ડામોરભાઈ સહિત વિવિધ જ્ઞાતિના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## ભાજપની ૪ દિવસીય બેઠક

ભારતીય જનતા પાર્ટી દ્વારા રાજયના તમામ જીલ્લાઓના મુખ્યપદાધિકારીઓની બેઠકોનો દોર પ્રદેશ અધ્યક્ષ આર.સી.ફળદુ, રાષ્ટ્રીય, ઉપાધ્યાક્ષ અને પ્રદેશ પ્રભારી ડૉ. દિનેશજી શર્મા, રાષ્ટ્રીય સહ સંગઠન મહામંત્રી વી.સતીષ અને પ્રદેશના મહામંત્રીઓની ઉપસ્થિમાં આજે શરૂ કરાયેલ છે. જે તા. ૨૯મી સુધી ચાલશે. આ બેઠકોમાં જે તે જીલ્લાના પ્રભારીમંત્રી, સંગઠન પ્રભારી, સંસદ સભ્યો, ધારાસભ્યો, બોર્ડ-નિગમના ચેરમેન-વાઈસ ચેરમેન, જીલ્લાના પ્રમુખ-મહામંત્રી, જીલ્લામાં રહેતા પ્રદેશના હોદ્દેદારો, સહકારી ક્ષેત્રના આગેવાનો, જીલ્લા પંચાયતના પ્રમુખો, કોર્પોરેશનના મેયરો વગેરે મુખ્ય અગ્રણીઓની ઉપસ્થિતિ સાથે નેતૃત્વ દ્વારા માર્ગદર્શન કરાયેલ છે.



નગરમાં રખડતા ઢોરોની સમસ્યા તો યથાવત છે જ. તેવામાં આ જ ઢોર મૃત્યુ પામે છે તેવા સમયે પરિસ્થિત વધુ વિકટ બને છે. સેક્ટર-૨૨ ખાતે એક વાછરડો મૃત્યુ પામ્યો, રસ્તાની વચ્ચે જ, શનિવારે બપોરે ૪ વાગે આ ઘટના ઘટી. આસપાસના રહીશોએ ચોતરફ ફોન કરી તેને હટાવવા જાણ કરી લગભગ સવા બે કલાક બાદ કોર્પોરેશન દ્વારા વાછરડાને ઉપાડી લેવાની કામગીરી કરવામાં આવી છે. (તસવીર : કશ્યપ નિમાવત)

# વિજ્ઞાપન ક્ષેત્રની શ્રેષ્ઠ પ્રતિભાને મિડીયા એવાર્ડઝ

ગાંધીનગર, તા. ૨૬

હાલમાં રજતજયંતિ વર્ષ ઉજવી રહેલુ અમદાવાદ એડવર્ટાઈઝીંગ સર્કલ એસોસિએશન (AACA) વિજ્ઞાપને ક્ષેત્રને સાર્થક શૈલીથી એક ભવ્ય કાર્યક્રમનું કરી રહ્યુ છે. આ સૌ પ્રથમ ફેસ્ટીવલ ઓફ એડવર્ટાઈઝીંગની મહત્વની વિશેષતા 'એએસીએ મિડીયા એવાર્ડઝ ૨૦૧૫' બની રહેશે. જેમાં શ્રેષ્ઠ વિજ્ઞાપન એજન્સીઓ તા. ૩જી ઓકટોબર, ૨૦૧૫ના રોજ આ ક્ષેત્રની જાણિતી વ્યક્તિઓની સર્જનાત્મકતાને એવાર્ડ દ્વારા બિરદાવશે. અગ્રણી એડ ફિલ્મ ડિરેકટર અને એડગુરૂ શ્રી પ્રહલાદ કકકર આ મેગા શોનુ મુખ્ય મહેમાન પદ શોભાવશે અને સમારંભની સવારની બેઠકમાં એક એક્સલુઝીવ-શો મારફતે આ ક્ષેત્ર સાથે સંકળાયેલા સમુદાયને વિજ્ઞાપનની દુનિયા અંગે રસપ્રદ વાર્તાલાપ આપશે. અમદાવાદનાં વિવિધ મિડીયા ગૃહોની હાજરી ધરાવતો આ સમારંભ તેમના સંયુક્ત પ્રયાસ દ્વારા સર્જનાત્મકતાને એક નવા ઉંચા સ્તરે લઈ જશે.

એએસીએ એ વિજ્ઞાપન એજન્સીઓનું નેટવર્ક છે. ક્ષેત્રના કેન્દ્રમાં તેના વિચારપ્રધાન દિમાગોનું મોટુ યોગદાન છે. સ્પર્ધાને પાર કરે તેવી બ્રાન્ડઝના સર્જકોને તેમની વિવિધ પ્રકારની કામગીરી પ્રકાશમાં આવે તે જરૂરી જણાયું છે. આ ભવ્ય એવાર્ડ નાઈટ માટે ૩૫થી વધુ વિજ્ઞાપન એજન્સીઓની ૬૦૦ જેટલી એન્ટ્રીઝ આવી ચૂકી છે. એએસીએ એક મોટા અને ભવ્ય સમારંભને ઓપ આપી રહ્યું છે. આ એવાર્ડ માટે ડિઝાઈન કરાયેલી અને એએસીએનો લોગો ધરાવતી ૧.૫ ફૂટની બ્રાસની ટ્રોફી એને હાંસલ કરનારના ગૌરવમાં વૃધ્ધિ કરશે.